
# ટપક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૧૦

અંક : ૧૦


**વાચક મિત્રો,**

આપણી વચ્ચેથી એક વર્ષ જતુ રહયુ. જેને વાગોળતાં વાગોળતા નવા વર્ષમા પગ મુકી દીધા છે. ગત વર્ષની સફળતા તેમજ નિષ્ફળતાઓનુ મુલ્યાંકન કરી આગામી વર્ષના નકકર આયોજન સાથે આગળ ધપવાની અપેક્ષા સહ આપ સર્વને ટપક ટીમ **નુતન વર્ષાભિનંદન** પાઠવે છે.

—તૃપ્તી, રંજન, વિજયા, અશોક, ડાયાભાઈ તથા સંસ્થા પરિવારના સભ્યો

**જે વૃક્ષ છાંયો આપે છે તેની તો અદબ રાખીએ.**

**ફરી ઉપયોગ**

રીયુઝ, રીસાયકલ અને કંપોસ્ટ આ ત્રણ શબ્દો વપરાયેલી વસ્તુઓ કે જેને આપણે બીલકુલ નકામી ગણી ફેંકી દઈએ છીએ તેવી વસ્તુઓના પણ ઉપયોગ કરી શકાય તે માટે વપરાય છે

૧. વપરાયેલી વસ્તુઓ જેમ છે તે સ્થિતિમા ફરી ઉપયોગ કરી શકાય છે. (શરીરની વૃધ્ધિના કારણે કપડા ટુંકા થવા માંડે ત્યારે તેવા કપડા કે હજુ ઉપયોગમા લઈ શકાય તેમ હોય તો તે વાપરી શકે તેવી વ્યકિત ને આપવા, જે વર્ગનો અભ્યાસ પુર્ણ થયેલ હોય તે પુસ્તકો હવે પછી તે વર્ગમા દાખલ થનાર વિદ્યાર્થીને આપવા વિ.)

૨. વપરાયેલી વસ્તુઓમા જરૂરી પ્રક્રિયા કરી તેનો ફરી ઉપયોગ કરવો. (વપરાયેલા કાગળ કે જે ફેંકી ન દેતા તેને એકત્ર કરી નાના નાના ટુકડા કરી તેને પલાળી માવો બનાવી ફરી કાગળ બનાવી શકાય અને તેનો આપણે ઉપયોગ કરી શકીએ)

૩. આપણી દૈનિક ક્રિયાઓને જાળવવા



ઉપયોગમાં લેવાતી ચીજોના વપરાશ દરમ્યાન ઉપયોગમાં ન આવી શકે તેવો કચરો ઉત્પન્ન થાય છે જેનો આપણે કશો ઉપયોગ કરી શકતા નથી તેવુ માનીએ છીએ પરંતુ આપણે આ નકામા કચરામાથી ખેત ઉત્પાદનો માટે જરૂરી એવુ ખાતર બનાવી શકીએ.

ઉપરોકત બાબતોને ધ્યાને લઈ સંસ્થાના કાર્યાલય પર તા. ૨૪ અને ૨૫ ઓકટોબરના રોજ વિદ્યાર્થીઓ સાથે એક તાલીમ રાખવામા આવી હતી. જેમાં ઉપરોકત બાબતોનો સમાવેશ કરી વિદ્યાર્થીઓમા સમજ ઉભી થાય તે માટે તેમની સાથે ભાષણ, ચર્ચા, પ્રેઝન્ટેશન, બ્રેઈન ટેસ્ટ વિ. દ્વારા સંવાદ રચવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીઓએ જાતે વપરાયેલા કાગળમાંથી ફરી નવા કાગળ બનાવ્યા હતા અને તેના ઉપયોગ વિષે ચર્ચા કરી દિવાળીના અભિનંદન કાર્ડ તૈયાર કર્યા હતા આ તાલીમમા ઉપસ્થિતી બદલના પ્રમાણ પત્રો આ રીસાયકલ પેપરમાથી બનાવી એનાયત કરવામા આવ્યા હતા.

યુનિટી, બંસીધર અને લીલાવતી શાળાના વિદ્યાર્થીઓ આ તાલીમમા જોડાયા હતા.

**વિજ્ઞાન શિક્ષકો સાથે**

સંસ્થા અગાઉના પાંચ વર્ષોમા અમરેલી શહેરની જે શાળાઓમાં કલીન પ્રોજેકટમા થયેલ પ્રવૃતિઓની વિગતો તાલીમ, મીટીંગ, ઝુંબેશ વિગેરેની અસર જે તે વખતે ચકાસતા હતા અને આજે પણ તેની અસર વર્તાઈ રહેલી છે. પરંતુ

***જે શિક્ષણ વિદ્યાર્થીઓને અચેતન બનાવે તે ભ્રમણાથી પ્રેરાયેલુ છે.***

શાળા સંકુલમા ઉભા થયેલા હર્બ કોર્નર, ટેપ વોટર હાર્વેસ્ટીંગ, તથા વોટર ફીલ્ટર પ્લાંટ વિગેરેની જાળવણી બાબતે વિદ્યાર્થીઓને સાથે રાખી ચર્ચા કરી હતી.

**બેંકિંગ લોકપાલ**

આપણી બેંકિંગ સેવાઓથી દરેક લોકો પરિચિત છે. આપણુ વેપાર જગત નિયમિત બેંક વ્યવહાર સાથે જોડાયેલુ છે. સરકારી કચેરી/ખાનગી પેઢી સંસ્થાના કર્મચારીઓના પગાર બેંક મારફતે થાય છે. સ્વસહાય જુથો બેંક સાથે જોડાયેલા છે. હવે રોજગાર બાંહેધરી જેવી યોજનાઓમાં જે તે વ્યકિતઓને ચુકવવાની રકમ બેંક મારફતે ચુકવવામાં આવે છે. આમ સમાજનો મોટો વર્ગ બેંક સાથે પોતાના આર્થિક વ્યવહારોને લઈને જોડાયેલો છે. જેથી મોટા ભાગના લોકો બેંકના કામકાજો સેવાઓથી પરિચિત થયા છે, છેલ્લા દસેક વર્ષથી સ્વસહાય જુથોના માધ્યમથી ગ્રામિણ ગરીબો અને મહિલાઓ પણ બેંકમા જતી થઈ છે. તેમને બેંક તરફથી મળતા સહકાર કે ઉપેક્ષાથી તેઓ સારી રીતે વાકેફ થયા છે. પરંતુ શહેરી વિસ્તારમા પણ મહિલાઓ બેંકમા જવાનુ ટાળતી હોય છે તેના બદલે પુરુષો તેમના વતી બેંક વ્યવહાર કરતા હોય છે.

મોટા ભાગની બેંકોએ લઘુ ધિરાણમાં ગ્રામિણ ગરીબોની અવહેલના કરી છે. મોટી રકમની લોન અઠવાડીયામા મંજુર થાય અને ૧૦૦૦ થી લઈ ૧૦૦૦૦ સુધીના ધિરાણ માટે ખરેખર રોજગારી મેળવવા માગતા યુવાનો મહિનાઓ સુધી બેંકના ચક્કર લગાવે તો પણ એમને ધિરાણ મેળવવામા ભાગ્યેજ સફળતા મળે છે. જેમને ચોકકસ માર્ગદર્શન ન મળવાના કારણે જે તેમનો સમય વ્યતિત કરે છે જેમાથી ભારે હતાશા જન્મે છે. તેઓને લાગે છે કે આટલો સમય બેંકની ફોર્માલીટી પુરી કરવામા ગાળ્યો તો તે સમય દરમ્યાન તે વ્યકિત માંગણીની ધિરાણની રકમ કરતા વધુ કમાઈ શકી હોત આવા સંજોગોમા આ વ્યકિતને આટલા લાંબા સમય પછી ધિરાણ આપવામા આવે તો પણ તેને કોઈ ફાયદો જણાતો નથી.

આમ, બેંકની ગ્રાહક સેવાઓનુ મુલ્યાંકન આપણી સામે છે. એવા સમયમા બેંકિંગ લોકપાલ યોજના ૨૦૦૬ની બાબતો ધ્યાનમા લેવા જેવી છે. આ યોજનાની વિગતો લોકો સુધી તો ઠીક પણ બેંક પોતાના ગ્રાહકોને પણ જણાવતી નથી.

લોકપાલ યોજના અન્વયે અમરેલી ખાતે તા. ૧૪ ના રોજ રિઝર્વ બેંક દ્વારા મીટીંગ યોજાઈ જેમાં બેંકની સેવાઓને લગતી ફરિયાદ માટે સંબંધિત બેંકની ભુમિકા અંગે ચર્ચા કરવામા આવી. આવી કોઈ ફરિયાદ માટે બેંકનો લેખિતમા સંપર્ક કરવો જો ૩૦ દિવસમા ઉકેલ ન આવે તો બેંકીંગ લોકપાલ, લાગજજર ચેમ્બર્સ, આશ્રમરોડ, અમદાવાદનો સંપર્ક કરવા જણાવેલ છે.

**અચેતન કરતી શૈક્ષણિક પ્રથાને સંપુર્ણપણે ફગાવીએ.**

## સ્ત્રી હિંસા રહિત સમાજ

છેલ્લા દસેક વર્ષથી ખાંભા તાલુકામાં સ્વ સહાય જુથો સાથે આજીવિકાના વિકલ્પો અંગે ચર્ચા કરતાં હતા. તે દરમિયાન સ્ત્રી–પુરૂષ ભેદભાવની બાબતો ધ્યાન પર આવતી, સંસ્થાની કાર્યકર બહેનો ગામમાં આ જુથોની મુલાકાતે જાય ત્યારે ઘણીવાર પુરૂષ કાર્યકર પણ સાથે હોય તેવું બને જેને લઈને ગામ લોકોને આશ્ચર્ય થતું કે આ લોકો બહેન ભાઈ આ રીતે સાથે નીકળી શકે? આ કુતુહલતાને લઈ એ વખતમાં ઘણીવાર ગામ લોકો સાથે સંવાદ રચાયા.

સંસ્થાની કાર્યકર બહેનો હેતલબેન તથા અલ્કાબેન અને ઉમરીયા ગામના ભાઈશ્રી ભાવેશ દેવેરા આ ત્રણેય મિત્રો સૌરાષ્ટ્ર કચ્છ વિસ્તારમા સ્ત્રી હિંસા અટકાયત અંગેના એક કેમ્પેઈનમાં જોડાયા. જયારે આ કેમ્પેઈન ચલાવતાં ભાઈ–બહેનોએ ખાંભા તાલુકાના ગામોમાં રાત્રે શેરી નાટક, રોલપ્લે તથા મીટીંગ જેવા કાર્યક્રમો આપ્યા ત્યારે ગામ લોકોમાં ઉપરોકત સંવાદને વેગ મળ્યો.

સ્ત્રી–પુરૂષના ભેદભાવ આપણી સામાજીક પરંપરા, આપણો ઐતિહાસિક સાંસ્કૃતિક વારસો કે જે ઘણાં વર્ષોથી ચાલી આવેલી જીવનશૈલીનો ભાગ છે. વર્ષોથી જે ઢબથી જીવી રહયા છીએ, તેમાં પરીવર્તન લાવવું ખૂબ જ અઘરૂ હોય છે. પ્રથમ તો આપણે આવા પરીવર્તનની વાત સ્વીકારી શકતાં નથી એટલે બદલાવ અંગેની વિચારણાનો તો પ્રશ્ન જ નથી. ચાલી આવેલી આ પરંપરા કેમ તોડવી તે અંગે ઉપરોકત બંને ઉદાહરણમાં જોવા મળ્યું તેમ અમુક પરિવારો વિચારતાં થયા. જે સંસ્થાના નિવાસી તાલીમ કાર્યક્રમોમાં જોડાયા, કોઈ સમસ્યા પર યોજાયેલ મીટીંગમાં સંસ્થાના કાર્યકરો સાથે હાજર રહયા હોય તેવા લોકોમાં સામાજીક લીંગ સ્વાસ્થ્ય અંગે સંવેદનશીલતા બની.

ચાલીસેક ભાઈ–બહેનો સાથે ૨૦૦૧માં સ્ત્રીઓ સામે થતી હિંસાને ઓળખવાં એક કાર્યશાળા યોજાઈ, જેમાં હિંસાની બાબતો ઓળખી તેને અલગ પ્રકારોમાં વહેચી, હિંસા ઉદભવવાના કારણો પર લાંબી ચર્ચાઓ ચાલી. આ કાર્યશાળામાં ઉપસ્થીત રહેલા ભાઈ–બહેનો આ મુદા સાથે આજે પણ કાર્યરત છે.

પરિવર્તનનું આ કાર્ય અગાઉ કહયું તેમ અઘરૂ ચોકકસ છે. પરંતું ટુંકા ગાળામાં આ સંસ્થાની ટીમે ખાંભા તાલુકામાં જેન્ડર અને તેની સાથે જોડાયેલ વિકાસની વાત કરવા માટે દરેક ગામોમાં સ્થાનીક કક્ષાએ એક યુવા ગૃપ બન્યું. આ ગૃપ દ્વારા અવારનવાર સંસ્થામાં યોજાતા કાર્યક્રમોમાં અન્ય લોકોને જોડવાનું કાર્ય શરૂ થયું. આ યુવાગૃપોની જેન્ડર વિશે બે તાલીમો થઈ.

**એકલા હાથે તાળી ન પડે**

બીજી પ્રક્રિયા બહેનોમાં પણ ચાલી પોતે હિંસાનો ભોગ બને છે ત્યારે તેની પ્રતિક્રિયાને ઝીલવા પેરાલીગલ વર્કર તૈયાર કરવાનું શરૂ થયું. પચીસેક બહેનોએ તાલીમ લીધી. પરંતુ ઘણી ઓછી બહેનો સક્રિય રહી શકી. કારણ આપણી પરંપરા, આપણી પિતૃસતાક સમાજ વ્યવસ્થા તેમને કાર્ય કરતાં રોકી રહી છે. તેમને આ કાર્ય કરવામા અડચણો ઉભી ન થાય તે માટે તેમના યુવાગૃપો સાથે ડાયલોગ થાય છે. પુરૂષોના આ ગૃપો દ્વારા મહિલાઓને પેરાલીગલ કાર્ય કરવા પ્રોત્સાહિત કરવામાં આવે તો તેમને માટે આ કાર્ય સરળ બને તેમ લાગે છે. કારણ કે સ્ત્રીઓ પર થતી હિંસાનુ મુખ્ય કારણ પિતૃસતાક સમાજવ્યવસ્થા હોય તો પુરુષો જ આ કાર્ય માટે આગળ આવે તો તેમા કામ કરનારી બહેનો પણ પ્રોત્સાહિત થઈ આગળની કામગીરી હાથ ધરી શકશે. અન્યથા તેઓ નિરૂત્સાહ બનશે.

આ સંસ્થાએ સ્ત્રી હિંસા અટકાવવાના કાર્યને લોકોની વૈકલ્પિક આજીવિકા પર પડતી અસર સાથે એવી રીતે જોડયું કે સ્વ સહાય જુથોમાંથી ચારેક વર્ષ પહેલા સાત બહેનો આ કાર્ય માટે આગળ આવી.

આ સાત બહેનો થકી તાલુકા કક્ષાની એક મહિલાન્યાય સમિતિ રચી. " સ્ત્રી હિંસા રહિત સમાજ" ની કલ્પના સાથે કાર્ય શરુ કર્યુ. અસરગ્રસ્ત મહિલાઓને સાંત્વના સાથે જુલ્મો સામે લડવાની ક્ષમતા તથા જરૂરી કાયદાકિય મદદ કરવાનું શરૂ કર્યુ.

આ વિસ્તારની બહેનો સ્વતંત્ર રીતે પોતાના કામકાજમા કાર્યરત રહી શકે પોતાના વિકાસ માટે જાતે નિર્ણય લઈ શકે અને સમાજમા ભેદભાવ સમાપ્ત થાય તેવા સમાજની રચના કરવાનુ તેમનુ સ્વપ્ન છે.

**માસ દરમ્યાનની પ્રવૃતિઓ**

| | |
|---|---|
| ૨–૩ | વોલંટરી તાલીમ |
| ૭ | ટીમ મીટીંગ |
| ૪–૭ | અસરસર્વે |
| ૧૧ | ન્યાયસમિતિ મીંટીગ |
| ૧૬ | કિસાન અધિકાર સંમેલન |
| ૧૭ | પપૈયાની ખેતી બાબતે મીટીંગ |
| ૧૮– | જીવન મધુરની સેવા બાબતે એજન્ટ સાથેમીટીંગ |
| ૨૩– | VAW રીવ્યુ પ્લાનીંગ મીટીંગમા પ્રતિનિધિત્વ |
| ૨૨– | વર્ષાવિમા તેમજ ઘઉના પાક અંગે ખેડુતોની મુલાકાત |
| ૨૩–૨૪ | વર્કશોપ ઓન પ્રપોઝલ રાઈટીંગમાં ભાગ લીધો |
| ૨૪–૨૫ | કલીન ફોલોઅપ,પેપર રીસાયકલ તાલીમ |

## કિસાન અધિકાર મંચ

મોંઘા બિયારણો, જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતરો, સિંચાઈ સવલતનો અભાવ, અનિયમિત વીજળી, માનવ સર્જિત પુર હોનારત, અતિવૃષ્ટિ તથા અનાવૃષ્ટિ અને ખેડુતોને ઉત્પાદનના પોષણક્ષમ ભાવો ન મળતા ઉત્પન્ન સ્થિતિનો ભોગ બન્યા છે.

અતિવૃષ્ટિના કારણે અમરેલી જીલ્લામા ઘણા ગામોમાં પાણી ફરી વળતા હજારો હેકટર જમીનમાં રેતી પથરાઈ ગયેલ, બે બે ફુટથી પણ વધારે ફળદ્રુપ માટીના સ્તર પાણીમા વહી ગયા અને મોટા વોકળા થઈ ગયા. તે માટે વળતર મેળવવાના ખેડુતો ના પ્રયાસો વિફળ ગયા. અતિવૃષ્ટિ બાદ માત્ર ગણ્યાગાંઠયા ખેડુતોને પેકેજ મુજબ સહાય ચુકવાયેલ છે. મોટા ખેડુત હોવાના કારણે નુકશાન મોટા પ્રમાણમાં થયુ હોવા છતા તેઓને મદદ મળી નહી.

હાલમાં ખેડુતોએ ખેતજમીનની સિંચાઈ સવલત જેવી કે કુવા, પાઈપલાઈન, નાશ પામેલ તેમજ તળાવો ડેમો તુટવાના કારણે નદીના બન્ને કિનારાની જમીનમાં રેતી પથરાઈ ગયેલ હોય ઉત્પાદન શકય નથી તે અંગેના ઉપાય જરુરી છે.

જયારે બીજી તરફ ખેડુત આર્થિક સંકટના કારણે કરજદાર બનતા વધુ તનાવગ્રસ્ત બન્યા છે. તેમની આ માનસિક સ્થિતીમાં બેંકોની નોટીસ, શરાફોની ઉઘરાણી, જીવન નિર્વાહ ખર્ચ તેમજ એવા ખર્ચને પહોંચી વળતા નથી આવા ખેડુતોને આત્મહત્યા તરફ દોરી જાય છે.

આપણી ખેત પેદાષો આંતરરાષ્ટ્રિય બજારોની હરિફાઈમા ટકી શકે તે માટે ઉત્પાદન ખર્ચ ઘટે તે જરૂરી છે. પરંતુ સરકારશ્રીના અલગ અલગ વિભાગોની નીતિ અને કાર્ય પ્રણાલી તેમ કરવામા મદદ રૂપ થતી નથી. તેની સરખામણીએ અન્ય દેશોમા કૃષિ આધારિત સમૂહ માટે જે સગવડતાઓ પ્રાપ્ત થાય છે તે આપણા દેશમા મળતી નથી. આ બાબત પણ હરિફાઈમા ન ટકી રહેવા માટે કારણભુત છે.

રંગ સુત્રોના ફેરફારથી મેળવાતા પાકોએ ખેડૂતોમા આકર્ષણ ઉભુ કર્યુ છે. પરંતુ આવા પાકોથી થતા નુકસાનની બાબતો ખેડૂતોના ધ્યાન પર મૂકવાની જવાબદારી જે તે કંપનીઓ, સંશોધકો તથા સરકારશ્રીના સંલગ્ન વિભાગોની હોય પરંતુ તેમ થતુ નથી તેથી તેના પણ ભયંકર પરિણામો ભોગવવા ખેડૂતોએ તૈયાર રહેવુ પડશે.

ખેડૂતોની આ મુશ્કેલીને વાચા આપવા માટે તા.૧૬/૧૦/૦૮ ના રોજ કિશાન અધિકાર મંચ, સોરાષ્ટ્ર દલિત સંગઠન, અવિરત અને આ સંસ્થાની ટીમના સભ્યોએ મળી અમરેલી ખાતે ખેડુતો સાથે ગોષ્ઠીનુ આયોજન થયુ હતુ.

## અસર સર્વે

તા. ૨૬ થી ૨૯ સપ્ટેમ્બરના રોજ ડાકોર પુનીત આશ્રમ ખાતે અસરની ચાર દિવસની તાલીમ રાખવામાં આવેલી હતી. આ તાલીમમાં સંસ્થાના બે કાર્યકર્તા હાજર રહયા હતા. આ તાલીમનો મુખ્ય ઉદેશ્ય એ જ હતો કે આ તાલીમ લીધા બાદ દરેક જીલ્લામાંથી આવેલ સંસ્થાના કાર્યકર્તા પોતાની સંસ્થામાં જઈને આ તાલીમ આપે.

આ તાલીમમાં અસર શુ છે ? અસરની શરૂઆત કયારથી થઈ ? અસર શા માટે? તેમજ અસરની શી અસર થઈ ? આ બધી બાબતો પર માહીતી આપવામાં આવી હતી.

તા. ૨–૩ ઓકટોબરના રોજ સંસ્થાની અમરેલી ઓફીસે અસર સર્વે માટે કાર્ય કરનારા વોલંટીયર્સની તાલીમ રાખવામાં આવેલી હતી. આ તાલીમમાં ડાકોર ખાતે જે ચાર દિવસની તાલીમ હતી એ તાલીમને બે દિવસમાં પુર્ણ કરવાની હતી અને આ તાલીમમાં અસરનો સર્વે કઈ રીતે કરવો? કયાં કરવો? તેમજ આ સર્વેથી શુ પરીણામ આવે તે બધી બાબતોને આ તાલીમમાં આવરી લેવામાં આવી હતી. આ તાલીમમાં તાલીમકાર તરીકે પ્રથમ સંસ્થામાંથી અજયભાઈ સોલંકી હાજર રહયા હતા અને સંસ્થામાંથી રંજન રાદડીયા તથા તૃપ્તિ વાઘે તાલીમ આપી હતી. આ તાલીમમાં ૩૦ જેટલા સ્વંય સેવકોને જોડયા હતા. આ તાલીમના બે વિભાગ પાડવામા આવ્યા હતા. પહેલા દિવસે અસર વિશે તેમજ આ સર્વે કઈ રીતે કરવો તેની માહીતી પ્રેઝન્ટેશન તેમજ બુકલેટ અને પત્રિકા દ્વારા આપવામાં આવી હતી. આ માહીતી આપ્યા બાદ બીજા દિવસની તૈયારી કરવા માટે ગૃપ પાડી દરેક ગૃપે ફીલ્ડ ટ્રાયલ કરવા માટે જવાનું હતુ. ફીલ્ડ ટ્રાયલ કરી દરેક સ્વંય સેવકે ફીલ્ડ દરમિયાન થયેલ અનુભવ, મુશ્કેલી તેમજ કોઈ ખાસ બનાવ હોય તેની ચર્ચા કરવામાં આવી. ત્યારપછી સર્વે કરવાના ગામની યાદી પરથી દરેક સ્વયં સેવકને ગામો સોંપવામાં આવ્યા હતા.

તા. ૪–૫ ના રોજ યાદી મુજબના ૩૦ ગામોમાં ૨૦–૨૦ ઘરનો સર્વે કરવાનો હતો. એક ગામમા બે વોલંટીયર્સને જવાબદારી સોંપવામા આવી હતી આ બંનેની ટીમે બે દિવસમા બે ગામ કરવાના હતા. તા. ૬ ના રોજ તેઓએ કરેલ સર્વેની સંકલનશીટ તૈયાર કરી સંસ્થામા આપવા તથા પોતાને થયેલા અનુભવોની પણ વોલંટીયર્સ દ્વારા પરસ્પર ચર્ચા કરવામા આવી હતી. ૭–૮ ના રોજ આ સર્વે પૈકી ચાર ગામની ફરી ચકાસણી કરવામા આવી.

સર્વે દરમ્યાન બાળકોના શૈક્ષણિક સ્તર જાણવાનો મોકો સંસ્થાની ટીમના સભ્યોને મળ્યો.

***જીવંત વસ્તુની લાક્ષણિકતા એ છે કે તે નિયતપણે વિકાસ પામે છે.***

## Important Days of November 08

8 World Town Planning Day
9 Legal Services Day
14 Children's Day;
Diabetes Day
17 World Lung Cancer Day
19 Citizen's Day
20 Child Right Day
25 International Day To End Violence against Women
29 International Day of Solidarity with Palestinian People

**સન્માન**

જાણીતા સેવાકર્મી શ્રી પુરૂષોતમ પંચાલને "જાયન્ટ ઈન્ટરનેશનલ એવોર્ડ ૨૦૦૮" એનાયત થયો. શ્રી પુરૂષોતમ પંચાલ ગુજરાત રકતપિત નિવારણ સેવાસંઘ તથા સોસાયટી ફોર ધી ટ્રેનીંગ એન્ડ વોકેશનલ રીહેબીલીટેશન ઓફ ધી ડીસએબલ્ડના પ્રમુખ તરીકે સેવા આપી રહયા છે.

**સપ્ટેમ્બર ૨૦૦૮ "ટપક" અંક સહયોગ**

**મહિલા ન્યાય સમિતી**
**કુમાર શાળા સામે, ચલાલા રોડ,**
**ખાંભા–૩૬૫૬૫૦**
**ફોન : ૦૨૭૯૭ ૨૬૦૦૭૯**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Regn. No. GAMI-91/2005 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/199152
Valid Upto Dec. 2008 Date Of Issue 1$^{s}$of month

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**અનુભવના આધારે જ્ઞાનનું નિર્માણ થાય છે.**